# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**આણંદના માતા - પુત્રી સહિત ત્રણ શખસે વેપારી સાથે છેતરપિંડી આચરી : ડ્રાયફ્રુટના વેપારમાં મોટો નફો હોવાની વાતો કરી વિશ્વાસ કેળવ્યો**

# આણંદના વેપારીને તગડા નફાની લાલચ આપી1.53 કરોડ ખંખેર્યાં

**વાસણ** ખરીદવા આવેલા ગઠિયાએ વાતોમાં લઇ નાણા ખંખેરી લીધાં

(પ્રતિનિધિ) આણંદ, તા.21

આણંદના જુના મોગરી રોડ પર રહેતા વાસણના વેપારીને ડ્રાયફ્રુટ અને અનાજ કરિયાણાના રોકાણ કરી તગડો નફો આપવાની લાલચ આપી માતા - પુત્રી સહિત ત્રણ ગઠિયાએ રૂ.1.53 કરોડની ઠગાઇ કરી હતી. આ અંગે વિદ્યાનગર પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આણંદના જુના મોગરી રોડ પર શક્તિ પાર્ક સોસાયટીમાં રહેતાં લલીતકુમાર ગોપાલભાઇ સોમાની વાસણનો વેપાર કરે છે. તેઓ 20મી એપ્રિલ, 2024ના રોજ સવારે 11 વાગ્યાના સુમારે મોગરી ખાતે દુકાન પર હતા તે સમયે તુષાર ધીરજલાલ જાની (રહે. ગોકુલધામ સોસાયટી, મોગરી) વાસણ ખરીદવા આવ્યાં હતાં. તેઓએ વાતચીત દરમિયાન વેપાર ધંધાની પણ વાત થઇ હતી. જેમાં કરિયાણાના સામાનની ટ્રક ભરીને હોલસેલનો વેપાર કરતાં હોવાનું જણાવ્યું હતું. આ ધંધામાં ઘણા લોકો રોકાણ કરે છે અને જે લોકો મુડી રોકાણ કરે છે, તેમને સારો એવા નફો થાય છે. તેમ જણાવ્યું હતું. જોકે, આ વાતચીતના બે દિવસ બાદ તુષારનો સાળો વિવેક મહેતાની પત્ની ઉવર્શીબહેન વિવેક મહેતા (રહે. શાશ્વત લેન્ડ માર્ક, કરમસદ) આવ્યાં હતાં. તેઓએ પણ તુષારનો રેફરન્સ આપી ગુજ્જુસ સ્વાદ સંગમના નામથી ફરસાણ તથા ખાદ્ય સામગ્રીનો મોટા પાયે ધંધો કરવાના હોવાનું જણાવ્યું હતું. જેની ઓફિસ ગોપી સિનેમાની સામે અને ગોડાઉન વિદ્યાનગર જીઆઈડીસીમાં રાખવાનું નક્કી કર્યું હતું. આ ધંધામાં રોકાણ કરશો તો સારો એવો નફો મળશે. તેવી વાત કરી હતી.

આથી, લલીતકુમારે રોકાણ શરૂ કર્યું હતું. તેઓએ અલગ અલગ તારીખે કુલ રૂ.31.40 લાખ આપ્યાં હતાં. જેનું વળતર ચુકવ્યું હતું. પરંતુ રૂ.10.20 લાખ લેવાના નિકળતાં હતાં. બાદમાં ફરી વ્યવહાર કરતાં તુષાર પાસેથી વધુ રૂ.23.35 લાખ લેવાના નિકળ્યાં હતાં. આમ, વારંવાર નાણાનો વ્યવહાર કરતાં ગયાં અને બાકી નિકળતી રકમ વધતી ગઇ હતી. આ ઉપરાંત લલીતે તેના મામા પાસે પણ રોકાણ કરાવ્યું હતું. તુષાર દર વખતે સારા વળતર આપવાનો વિશ્વાસ આપતો હતો. જેથી વિશ્વાસમાં લલીતમાં વધુને વધુ રોકાણ કરતા જતાં હતાં. પરંતુ એક દિવસ અચાનક તુષારે વળતર ચુકવવાનું બંધ કરી દીધું હતું. આથી, લલીતે સંપર્ક કરતાં 5મી નવેમ્બર,2025ના રોજ તુષાર ઘરે આવ્યો હતો અને બે દિવસમાં રૂપિયા ચુકવવાનો વાયદો આપ્યો હતો. પરંતુ 7મી નવેમ્બર,2025થી તુષારનો સંપર્ક થતો નહતો. તે ઓફિસે પણ આવ્યાં નહતાં. આ અંગે તપાસ કરવા ઓફિસે જતાં ઉર્વશીબહેન ત્યાં હાજર હતાં. તેમની સાથે વાતચીતમાં આ લોકોએ અન્ય કેટલાક સાથે પણ છેતરપિંડી કરી છે. આમ, લલીતકુમારને તગડા નફાની લાલચ આપી તુષાર ધીરજ જાની, ઉવર્શી વિવેક મહેતા અને કહાન્વી વિવેક મહેતાએ રૂ.1,53,78,981ની છેતરપિંડી આચરી હોવાનું જણાયું હતું. આ અંગે વિદ્યાનગર પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**રૂ.35 હજાર સામે નફા પેટે રૂ.ચાર હજાર આપ્યાં**

આ વાતચિતથી લલીતકુમારને વિશ્વાસ બેઠો હતો અને તુષારના કહેવાથી 25મી એપ્રિલ, 2024ના રોજ રૂ.35 હજાર આપ્યાં હતાં. જે વ્યવહારના નફા પેટે રૂ.ચાર હાજર રોકડા પરત આપ્યાં હતાં. બાદમાં ગુજજુસ સ્વાદ સંગમ નામના ધંધાનું ઓક્ટોબર-2024માં ઉદ્દઘાટન પણ કર્યું હતું. જેમાં લલીતકુમારને આમંત્રણ પણ આપ્યું હતું. આ ઉદ્દઘાટનમાં પણ ડ્રાયફ્રુટના હોલસેલના ધંધામાં મોટાપાયે રોકાણ કરવાની વાત કરી વિશ્વાસ કેળવ્યો હતો.

---

**પીડીએફ એડિટરની બનાવેલા લાયસન્સનો QR કોડ સ્કેન કરતા ભાંડો ફૂટ્યો**

# આણંદ શહેરમાં સ્પા સંચાલક પાસે નકલીશોપએક્ટલાયસન્સઝડપાયું

**એસઓજીએ** તપાસનો ધમધમાટ ચલાવી એક શખ્સ સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદના દેવભૂમિ ઈલાઈટ કોમ્પલેક્ષમાં કાર્યરત 'ગગન ફેમિલી સ્પા'માં નકલી શોપ એક્ટ લાયસન્સનો ઉપયોગ થતો હોવાનો ચોંકાવનારો પર્દાફાશ આણંદ એસઓજી દ્વારા કરવામાં આવ્યો છે. ઓનલાઈન પીડીએફ એડિટરની મદદથી અન્ય સ્પાના લાયસન્સમાં છેડછાડ કરી સરકારી દસ્તાવેજ બનાવનાર શખ્સ સામે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપની ટીમ જ્યારે તપાસમાં હતી ત્યારે ગગન ફેમિલી સ્પાના લાયસન્સ પર રહેલા QR કોડને સ્કેન કરતા તેમાં 'લીયો વેલનેસ સ્પા'ની વિગતો ખૂલી હતી.

આ વિસંગતતા જણાતા પોલીસે આણંદ-કરમસદ મહાનગરપાલિકા પાસે ખરાઈ કરાવી હતી. મનપાએ પુષ્ટિ કરી હતી કે ગગન ફેમિલી સ્પાના નામે આવું કોઈ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યું નથી, જેથી લાયસન્સ નકલી હોવાનું સાબિત થયું હતું.

આ અંગે પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે સ્પા સાથે સંકળાયેલા વિપુલ ડોડીયા અને ખોડાભાઈ લુહારે લાયસન્સની કામગીરી તેમના મિત્ર ઉમંગ જીતેન્દ્ર પટેલ(રહે.અંબાવ, તા.આંકલાવ) ને સોંપી હતી. ઉમંગ પટેલે કબૂલાત કરી હતી કે લાયસન્સનું કામ પૂર્ણ ન થતા તેણે પીડીએફ એડિટરનો ઉપયોગ કરી 'લીયો વેલનેસ સ્પા'ના લાયસન્સ પર ગગન ફેમિલી સ્પાનું નામ એડિટ કરીને નકલી દસ્તાવેજ તૈયાર કર્યો હતો. આ મામલે આણંદ ટાઉન પોલીસે ઉમંગ પટેલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ દ્વારા સ્પામાં સઘન ચેકીંગ હાથ ધરાતાં ગેરકાયદે સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

---

# આણંદના એપાર્ટમેન્ટમાં1.76 લાખની મતા ચોરાતાં ફફડાટ

**ટાઉન** પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ શહેરના આકૃતિ એપાર્ટમેન્ટમાં છેલ્લા છ માસ દરમિયાન ચોરીની ઉપરાછાપરી ત્રણ ઘટનાઓ ઘટતા રહીશોમાં આશ્ચર્ય સાથે અસલામતીનો ડર વ્યાપી ગયો છે.

આણંદ શહેરના આકૃતિ એપાર્ટમેન્ટમાં પહેલી માર્ચ, 2026 ના રોજ ફ્લેટ નં. 403માં રહેતા હાર્દિક મહેન્દ્ર શાહના ઘરે ચોરીનો બનાવ બન્યો હતો. તેઓ પોતાનું પર્સ ઘરની બહાર ચંપલના સ્ટેન્ડ પર મૂકી નીચે ગાયને દૂધ-રોટલા ખવડાવવા ગયા હતા. માત્ર એટલી જ વારમાં તસ્કરો પર્સ ઉઠાવી ગયા હતા, જેમાં 7,000 રોકડ અને દુકાનના બિલો હતા. જોકે, તપાસ કરતા કબાટમાંથી 20,000 ની સોનાની ચેઈન પણ ગાયબ જણાઈ હતી.

આ ઘટના બાદ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ફ્લેટ નં. 203માં છ માસ પહેલા વિરલ રમેશભાઈ રૈયાણીના ઘરેથી સોનાની બે બુટ્ટી, ચેઈન અને પેન્ડલ મળી 1.20 લાખની મત્તા ચોરાઈ હતી. તેવી જ રીતે ફ્લેટ નં. 303માં ત્રણ માસ અગાઉ સતીષ અમૃતલાલ ગાંધીના ઘરેથી સોનાનું બ્રેસલેટ અને વીંટી તસ્કરો ચોરી ગયા હતા. આમ, એક જ એપાર્ટમેન્ટમાં તસ્કરોએ ઉધમપાત મચાવતા આખરે આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા સામે ગુનો નોંધ્યો હતો.

---

**મુંબઈ જવા માટે બે મિત્રો સ્ટેશન જઈ રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયો**

# આણંદ શહેરમાં રિક્ષા પલટી જતાં મુસાફરનું કરુણ મોત

**રિક્ષા ચાલકની** બેદરકારીએ એકનો જીવ લીધો

(પ્રતિનતિધિ) આણંદ તા.21

આણંદમાં મધુવન રિસોર્ટ સામે રિક્ષા ચાલકની બેદરકારી અને ગફલતભરી ડ્રાઈવિંગને કારણે રીક્ષા પલટી મારી જતાં એક પેસેન્જરનું કરુણ મોત નીપજ્યું છે. રેલ્વે સ્ટેશન જઈ રહેલા બે મિત્રો પૈકી એક મિત્ર રિક્ષામાંથી ફંગોળાઈને સામેથી આવતી ટ્રક નીચે આવી જતાં ગંભીર ઈજાઓને કારણે સારવાર મળે તે પહેલા જ મૃત્યુ પામ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ મુંબઈના રહેવાસી રામસરન સાહની તેના મિત્ર સર્વજીત સાહને મળવા આણંદ આવ્યા હતા. દસેક દિવસના રોકાણ બાદ 20મી માર્ચ,2026ના રોજ તેઓ મુંબઈ પરત જવા માટે મોગરી ચાર રસ્તાથી રિક્ષામાં બેસી રેલ્વે સ્ટેશન જઈ રહ્યા હતા. બપોરે આશરે પોણા ત્રણ વાગ્યાની આસપાસ મધુવન હોટલ રિસોર્ટ પાસે રિક્ષા ચાલકે એક ઈક્કો કારને ઓવરટેક કરવા જતાં સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને રિક્ષા પલટી ખાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં બંને મિત્રો રોડ પર ફંગોળાયા હતા, જેમાં દુર્ભાગ્યવશ સર્વજીત શાહ સામેથી આવતી એક ટ્રકના ટાયર નીચે આવી ગયો હતો. આ અકસ્માતને પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને ગંભીર રીતે ઘાયલ સર્વજીતને આણંદ જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટના અંગે મૃતકના મિત્ર રામસરન સાહનીએ અકસ્માત સર્જનાર રિક્ષા (નં. જીજે ૨૩ એક્સ ૦૩૧૫) ના ચાલક વિરુદ્ધ આણંદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આણંદ શહેરમાં બેફામ દોડતા વાહન ચાલકો સામે કડક કાર્યવાહી કરવા માગણી ઉઠી છે.


